================================================================

## મે.એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ તાપી મુ.વ્યારા

ફોજદારી કેસ નંબરઃ–૧૨૭૭/૨૦૨૬
આંકઃ–

**ફરીયાદીઃ– સરકારીશ્રી**

**વિરુધ્ધ**

**આરોપીઃ– નેહાબેન અશ્વિનભાઇ હીરાની**
**સરનામુ – તાડકુવા, સત્કાર સંસ્કૃતી સોસાયટી, તા–વ્યારા, જી–તાપી**

**ગુનોઃ–ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૨૨૩ મુજબ**

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૩–૫૫ વાગ્યે આરોપીએ ગુન્હો કરેલ, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી તપાસ પુર્ણ કરી અદાલતમાં **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ– ૨૨૩ મુજબના** ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા **કબુલાત પુરસીસ** આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબધેની આરોપીની **પ્લી** નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપી ગુન્હો કબુલ હોવાનું જણાય છે. આરોપીએ ગુન્હો કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીએ ગુન્હાની કબુલાત નોંધી આ કામ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. અને આરોપીને **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ– ૨૨૩** મુજબ શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે. અને લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે. કે તેઓ ગરીબ માણસ છે પ્રથમ વખત ભૂલ થયેલ છે. કુંટુંબ કબીલાવાળા માણસ છે કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે. તેમજ ફીર વખત આવો ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુનો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય આવતું હોય તેમજ કુટુંબની જવાબદારી

================================================================

================================================================

તથા આરોપીએ કરેલ પશ્ચાતાપ ધ્યાને લેતાં તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુનો નહી કરવાની ખાતરી આપતાં હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ આવા સંજોગોમાં આરોપી સામેનું તહોમત તેમજ ગુનાની ગંભીરતાં અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતાં, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો ગુનો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**.:: હુકમ ::**

**(૧)** આરોપીનાઓને બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની કલમ–૨૭૫ હેઠળ **ભારતીય ન્યાય સહિતા–૨૦૨૩ની કલમ–૨૨૩** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ.૨૦૦/– (બસો સો પુરા)** નો દંડ કરવામાં આવે છે.

**(૨)** જો દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી માહે–જુલાઇ– સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
સ્થળઃ– વ્યારા.

**(મનિષ દિલીપભાઈ નંદાણી)**
**એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**તાપી મુ.વ્યારા.**
**[જી.જે.૦૦૮૪૭]**

================================================================